INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૦૨-૦૩-૨૦૨૪**

## સુધાંશુ ત્રિવેદીએ ગુજરાત મુલાકાત વખતે કોંગ્રેસ પક્ષ પર કરેલ ઉચ્ચારણ મુદ્દે કોંગ્રેસ પ્રવકતા હેમાંગ રાવલનો વળતો જવાબ

- **રાષ્ટ્રવાદની વાતો અંગ્રેજોના ચાટુકારોને ન શોભે : હેમાંગ રાવલ**
- **ભાજપના શીર્ષ નેતૃત્વ જિન્નાહની કબર પર માથું ટેકવીને જિન્નાહ પ્રત્યે આદરભાવ વ્યક્ત કરે છે : હેમાંગ રાવલ**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે મિડિયા બાઈટ આપતા કોંગ્રેસ પર્વકત્તા શ્રી હેમાંગ રાવલે જણાવ્યું હતું કે, "આઝાદીની લડાઈમાં નાકનું ટેરવું કે આંગળીનો નખ પણ નહીં ભાંગનાર અંગ્રેજોની દલાલી કરનાર જનસંઘના વારસદારો આજે રાષ્ટ્રવાદની વાત કરી રહ્યા છે તાજેતરમાં જેમને ભારત રત્ન મળેલો છે તે ભારતીય જનતા પક્ષના શીર્ષ નેતૃત્વ એવા શ્રી લાલકૃષ્ણ અડવાનીજી મહંમદ અલી જિન્નાહની કબર ઉપર પાકિસ્તાન જઈને માથું ટેકવીને આવ્યા હતા એ વાત કદાચ સુધાંશુજીને ખબર નહીં હોય? આ એ જનસંઘ છે કે જેણે બંગાળમાં મહંમદ અલી જિન્નાહની મુસ્લિમ લીગ સાથે ભેગી મળીને સરકાર બનાવી હતી, લાગે છે ભારતીય જનતા પાર્ટીના મનમાં જિન્નાહ પ્રત્યેનો જે આદર છે તે તેઓ આ પ્રમાણે વ્યક્ત કરી રહ્યા છે.

શ્રી રાહુલ ગાંધીને આત્મચિંતનની સલાહ આપનાર ભારતીય જનતા પક્ષના પ્રવક્તાને કહેવાનું કે મોદીજીએ બેરોજગારી દૂર કરીને બે કરોડ રોજગારી આપવાની વાત કરી હતી, કિસાનોની એમ.એસ.પી ડબલ કરવાની વાત કરી હતી, પેટ્રોલ ડીઝલના ભાવ રૂ. ૩૫ કરવાની વાત કરી હતી, લોકોના ખાતામાં ૧૫ લાખ રૂપિયા આપવાની વાત કરી હતી, કાળું નાણું પાછું લાવવાની વાત કરી હતી આ બધી બાબતોનું આત્મચિંતન વડાપ્રધાનશ્રી અને ભાજપે કરવું જોઈએ. રાહુલ ગાંધી શું કરે છે, રાહુલ ગાંધી કયું ટીશર્ટ પહેરે છે, રાહુલ ગાંધી કયા શૂઝ પહેરે છે. આ બધી ચિંતા છોડીને દેશની ચિંતા કરો. ભારતીય જનતા પાર્ટીના નેતાના મનમાં અને મગજમાં રાહુલ ગાંધી ઘર કરી ગયા હોય એમ લાગે છે. સવારમાં ઊઠે ત્યારે બ્રશ કરે ત્યારથી રાત્રે સુવે ત્યાર પછી પણ સપનામાં માત્ર રાહુલ ગાંધી જ આવતા હોય એમ લાગી રહ્યું છે. જો કે દેશની સશક્ત લોકશાહી માટે સરમુખત્યાર સત્તાધીશોને આ પ્રકારનો ડર હોવો જરૂરી છે. કોંગ્રેસ પક્ષ ન્યાય માટે લડત આપી રહ્યો છે અને આપતો રહેશે."

હેમાંગ રાવલ
મીડિયા કોકન્વીનર, પ્રવક્તા
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતી
9898233038